Ontario

# શાળા અને ચાઇલ્ડ કેર COVID-19 સ્ક્રીનિંગ

વર્ઝન 4: ફેબ્રુઆરી 24, 2021

**વિદ્યાથીઓ અને બાળકોએ શાળામાં અથવા ચાઇલ્ડ કેરમાં જતા પહેલાં COVID-19 માટે દરરોજ સ્ક્રીનિંગ કરવું જ જોઈએ. આને માતા-પિતા/વાલીઓ બાળક વતી ભરી શકે છે.**

તારીખ(મમ-દિદિ-વવવવ) ___________________

## સ્ક્રીનિંગ માટેના પ્રશ્નો

1. **છેલ્લા 14 દિવસમાં, વિદ્યાર્થી/બાળક અથવા તેઓની સાથે રહેતા કોઈપણ વ્યક્તિએ કેનેડાની બહાર મુસાફરી કરી છે?** ☐ હા ☐ ના
   *જો તમને સંસર્ગ નિષેધ આવશ્યકતાઓમાંથી મુક્તિ આપવામાં આવે છે (ઉદાહરણ તરીકે, આવશ્યક કામદારો કે જેઓ કામ માટે નિયમિતપણે કેનેડા-યુ.એસ.એ બોર્ડરને પાર કરે છે), તો "ના" પસંદ કરો.*

2. **કોઈ ડોક્ટર, સ્વાસ્થ્ય સંભાળ પ્રદાતા અથવા જાહેર સ્વાસ્થ્ય એકમે તમને કહ્યું છે કે વિદ્યાર્થી/બાળકે હાલમાં આઈસોલેટ થવું જોઈએ (ઘરે જ રહેવું જોઈએ)?** ☐ હા ☐ ના
   *આ દેશવ્યાપી રોગચાળો ફાટી નીકળવાના કારણે અથવા સંપર્ક ટ્રેસિંગને કારણે હોઈ શકે છે.*

3. **છેલ્લા 14 દિવસમાં, વિદ્યાર્થી/બાળકને હાલમાં COVID-19 હોય તેવા કોઈના "નજીકના સંપર્ક" તરીકે ઓળખવામાં આવ્યું છે?** ☐ હા ☐ ના

4. **છેલ્લા 14 દિવસમાં, વિદ્યાર્થી/બાળકને તેમના સેલ ફોન પર COVID ચેતવણીના સંપર્કની સૂચના મળી છે?** ☐ હા ☐ ના
   *જો તેઓ પહેલેથી જ પરીક્ષણ માટે ગયા હતા અને નકારાત્મક પરિણામ મેળવ્યુ છે, તો "ના" પસંદ કરો.*

5. **શું વિદ્યાર્થી/બાળક હાલમાં આમાંના કોઈપણ લક્ષણોનો અનુભવ કરી રહ્યું છે?**
   *તેમને કોઈપણ/બધાં નવા, વધુ બગડતા, અને પહેલેથી જ હોય તેવા અન્ય જાણીતા કારણો સ્થિતિઓથી સંબંધિત ન હોય તે પસંદ કરો.*

| | | |
|---|---|---|
| **તાવ અને/અથવા ઠંડી**<br>તાપમાન 37.8 ડિગ્રી સેલ્સિયસ/100 ડિગ્રી ફેરનહિટ અથવા તેથી વધુ | ☐ હા | ☐ ના |
| **સામાન્ય કરતા વધારે સતત રહેતી ખાંસી અથવા ઉધરસ (સ્વરિત શ્વાસ)**<br>શ્વાસ લેતી વખતે સીટી વાગવા જેવો અવાજ થવો (તેઓને પહેલેથી જ હોય તે અસ્થમા, સંક્રમણ પછીના પ્રતિક્રિયાશીલ શ્વસન માર્ગ અથવા અન્ય જાણીતા કારણો અથવા બિમારીઓથી સંબંધિત ન હોય તેવી). | ☐ હા | ☐ ના |
| **શ્વાસ લેવામાં તકલીફ**<br>હાંફ ચઢવો,ઊંડો શ્વાસ લેવામાં અસમર્થ(તેઓને પહેલેથી હોય તે અસ્થમા અથવા બીજા જાણીતા કારણો અથવા બિમારીઓથી સંબંધિત ન હોય તેવું) | ☐ હા | ☐ ના |
| **સ્વાદ અથવા ગંધમાં ઘટાડો થવો અથવા ગુમાવવી**<br>તેઓને પહેલેથી છે તે ઋતુગત એલર્જી, ન્યુરોલોજીકલ વિકાર અથવા અન્ય જાણીતા કારણો અથવા બિમારીઓથી સંબંધિત ન હોય તેવું | ☐ હા | ☐ ના |
| **ગળામાં દુ:ખાવો અથવા થૂંક ગળવાની તકલીફ**<br>ગળવામાં પીડા થવી (તેઓને પહેલેથી છે તે ઋતુગત એલર્જી, એસિડિક સ્ત્રાવ અથવા અન્ય જાણીતા કારણો અથવા બિમારીઓથી સંબંધિત ન હોય તેવો) | ☐ હા | ☐ ના |
| **વહેતું અથવા ભરાયેલું/બંધ નાક**<br>તેઓને પહેલેથી છે તે ઋતુગત એલર્જી, ઠંડા વાતાવરણમાં બહાર રહેવું, અથવા અન્ય જાણીતા કારણો અથવા બિમારીઓથી સંબંધિત ન હોય તેવું | | |

| | | |
|---|---|---|
| **માથાનો દુઃખાવો**<br>અસામાન્ય લાંબા સમય સુધી ચાલતો માથાનો દુઃખાવો (તાણ-પ્રકારના માથાનો દુખાવો, કાયમી માઈગ્રેન અથવા અન્ય જાણીતા કારણો અથવા બિમારીઓથી સંબંધિત ન હોય તેવો) | ☐ હા | ☐ ના |
| **ઉબકા, ઉલટી અને / અથવા ઝાડા**<br>તેઓને પહેલેથી છે તે મળત્યાગની પ્રવૃતિમાં ફેરફારના લક્ષણો, અસ્વસ્થતા, માસિક સ્ત્રાવ સંબંધિત ખેંચાણ, અથવા અન્ય જાણીતા કારણો અથવા બિમારીઓથી સંબંધિત ન હોય તેવા. | ☐ હા | ☐ ના |
| **અસામાન્ય અતિશય થાક અથવા માંસપેશીઓમાં દુઃખાવો**<br>થાક, ઉર્જાનો અભાવ, નવજાત શિશુઓમાં ઓછું ધાવણ (તેઓને પહેલેથી છે તે હતાશા, અનિદ્રા, થાઇરોઇડની કામગીરીમાં વિક્ષેપ, અચાનક ઈજા, અથવા અન્ય જાણીતા કારણો અથવા બિમારીઓથી સંબંધિત ન હોય તેવો) | ☐ હા | ☐ ના |

6. **શું એવું કોઈ છે જે વિદ્યાર્થી/બાળક સાથે હાલમાં રહે છે જે હાલમાં કોઈ નવા COVID -19 લક્ષણો અનુભવી રહ્યું છે અને/અથવા લક્ષણો અનુભવ્યા પછી પરીક્ષણ પરિણામોની રાહ જોતું હોય?** ☐ હા ☐ ના

## સ્ક્રીનીંગ પ્રશ્નોના પરિણામો

**! જો તમે 1 અથવા 3 ના પ્રશ્નનો જવાબ "હા" માં આપ્યો છે તો શાળા અથવા ચાઈલ્ડ કેર પર ન જશો.**

- વિદ્યાર્થી/બાળકે 14 દિવસ માટે સેલ્ફ-આઈસોલેટ થવું (ઘરે રહેવું) જ જોઈએ અને પરીક્ષણ કરવા સિવાય કે તબીબી કટોકટી સિવાય બહાર નીકળવું જોઈએ નહિ.
- જો તમે **પ્રશ્ન 1 નો જવાબ "હા"** આપ્યો હોય, તો જાહેર સ્વાસ્થ્યની સલાહને અનુસરો. તમારા સ્થાનિક જાહેર સ્વાસ્થ્ય એકમ દ્વારા સ્પષ્ટીકરણ કર્યા પછી વિદ્યાર્થી/બાળક શાળા/ચાઈલ્ડ કેરમાં પાછા આવી શકે છે.
  - ભાઈ-બહેન અથવા તમારા ઘરના અન્ય લોકોએ 14 દિવસ સુધી સેલ્ફ અઈસોલેટ થવું જોઈએ (ઘરે રહેવું જોઈએ).
- જો તમે 1 **પ્રશ્ન 3 નો જવાબ "હા"** આપ્યો હોય, તો સલાહ અથવા મૂલ્યાંકન મેળવવા માટે ડોકટર / સ્વાસ્થ્ય સંભાળ પ્રદાતા સાથે, જો તેમને COVID-19 પરીક્ષણની જરૂર છે તો તે સહિતની વાત કરો. ભલે તેઓને પરીક્ષાનું પરિણામ નકારાત્મક મળે તો પણ વિદ્યાર્થી/બાળક 14 દિવસ પછી શાળા/ચાઈલ્ડ કેર પર પાછા આવી શકે છે.
  - જો તમે પ્રાંતના અમુક વિસ્તારોમાં રહેતા હોવ, જેમ કે ટોરેન્ટો, તો ભાઈ-બહેન અને તમારા ઘરમાં અન્ય લોકોએ 14 દિવસ સુધી ઘરે રહેવું આવશ્યક છે. આ સ્થાનિક જોખમ પરિબળોને કારણે છે.
  - જો તમે ઓન્ટારીયોના અન્ય વિસ્તારોમાં રહેતા હોવ, તો ભાઈ-બહેન અને તમારા ઘરના અન્ય લોકો શાળા, ચાઈલ્ડ કેર અથવા નોકરી પર જઈ શકે છે, પરંતુ અન્ય અનાવશ્યક કારણોસર ઘર છોડીને બહાર ના જ નીકળવું જોઈએ. વધુ માહિતી માટે તમારી શાળા/ચાઈલ્ડ કેરને પૂછો.
- જો તેઓમાં લક્ષણો વિકસિત થાય છે અથવા સકારાત્મક પરીક્ષણ આવે છે, તો વધુ સલાહ માટે તમારા સ્થાનિક જાહેર સ્વાસ્થ્ય એકમ અથવા ડોકટર/સ્વાસ્થ્ય કાળજી પ્રદાતાનો સંપર્ક કરો.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારા શાળા/ચાઈલ્ડ કેર પ્રદાતાનો સંપર્ક કરો.

**! જો પ્રશ્ન 2 નો જવાબ "હા" આપ્યો છે તો શાળા અથવા ચાઈલ્ડ કેર પર ન જાવ**

- વિદ્યાર્થી/બાળકને સેલ્ફ-અઈસોલેટ થવું આવશ્યક છે (ઘરે રહેવું જોઈએ) અને તબીબી કટોકટી સિવાય બહાર નીકળવું જોઈએ નહીં.
- જાહેર સ્વાસ્થ્યની સલાહને અનુસરો. તમારા સ્થાનિક જાહેર સ્વાસ્થ્ય એકમ દ્વારા તેઓનું સ્પષ્ટીકરણ કર્યા પછી વિદ્યાર્થી/બાળક શાળા/ચાઈલ્ડ કેર પર પાછા આવી શકે છે.
- જો તેઓમાં લક્ષણો વિકસિત થાય છે, તો વધુ સલાહ માટે તમારા સ્થાનિક જાહેર સ્વાસ્થ્ય એકમ અથવા ડોક્ટર/ સ્વાસ્થ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.
- જો તમે પ્રાંતના અમુક વિસ્તારોમાં રહો છો, જેમ કે ટોરેન્ટો, તો ભાઈ-બહેન અને તમારા ઘરના અન્ય લોકોએ ઘરે રહેવું આવશ્યક છે. આ સ્થાનિક જોખમ પરિબળોને કારણે છે.
- જો તમે ઓન્ટારીયોના અન્ય વિસ્તારોમાં રહેતા હોવ, તો ભાઈ-બહેન અને તમારા ઘરના અન્ય લોકો શાળા, ચાઈલ્ડ કેર અથવા નોકરી પર જઈ શકે છે, પરંતુ અન્ય અનાવશ્યક કારણોસર ઘરની બહાર ન જ નીકળવું જોઈએ. વધુ માહિતી માટે તમારી શાળા/ચાઈલ્ડ કેરને પૂછો.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારા શાળા/ચાઈલ્ડ કેર પ્રદાતાનો સંપર્ક કરો.

**! જો તમે પ્રશ્ન 4 નો જવાબ "હા" આપ્યો હોય તો શાળા કે ચાઈલ્ડ કેર પર ન જાવ.**

- વિદ્યાર્થી/બાળકે સેલ્ફ-અઈસોલેટ થવું આવશ્યક છે (ઘરે રહેવું જોઈએ) અને તબીબી કટોકટી સિવાય બહાર ન જ નીકળવું જોઈએ.
- તેમનું COVID-19 પરીક્ષણ મેળવવા માટે મૂલ્યાંકન કેન્દ્રની મુલાકાત લો.
  - જો તેઓનું પરીક્ષણ નકારાત્મક આવે છે (તેમને વાયરસ નથી), તો તેઓ શાળા/ચાઈલ્ડ કેર પર પાછા આવી શકે છે.
  - જો તેઓનું પરીક્ષણ સકારાત્મક આવે છે (તેમને વાયરસ છે), તો તેઓ તમારા સ્થાનિક જાહેર સ્વાસ્થ્ય એકમ દ્વારા સ્પષ્ટીકરણ કર્યા પછી જ પાછા આવી શકે છે.

- જો તેઓમાં લક્ષણો વિકસિત થાય છે, તો વધુ સલાહ માટે તમારા સ્થાનિક જાહેર સ્વાસ્થ્ય એકમ અથવા ડોકટર/સ્વાસ્થ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.
- ભાઈ-બહેન અથવા તમારા ઘરના અન્ય લોકો શાળા, ચાઈલ્ડ કેર અથવા કામ પર જઈ શકે છે, પરંતુ વ્યક્તિ કે જેણે COVID ચેતવણી પરીક્ષણ નકારાત્મક મેળવ્યું હોય અથવા તમારા સ્થાનિક જાહેર સ્વાસ્થ્ય એકમ દ્વારા સ્પષ્ટીકરણ ન થાય ત્યાં સુધી અનાવશ્યક કારણોસર ઘરેથી બહાર ન જ નીકળવું જોઈએ.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારા શાળા/ચાઈલ્ડ કેર પ્રદાતાનો સંપર્ક કરો

**જો તમે પ્રશ્ન 5 અથવા પ્રશ્ન 6 હેઠળ શામેલ કોઈપણ લક્ષણોનો જવાબ "હા" આપ્યો હોય તો તે શાળા અથવા ચાઈલ્ડ કેર પર ન જાવ.**

- વિદ્યાર્થી/બાળકએ આઈસોલેટ (ઘરે રહેવું) રહેવું આવશ્યક છે અને પરીક્ષણ કરવા સિવાય અથવા તબીબી કટોકટી સિવાય બહાર નીકળવું જોઈએ નહિ.
- જો તમે **પ્રશ્ન 5 નો "હા"** જવાબ આપ્યો છે, તો સલાહ અથવા મૂલ્યાંકન મેળવવા માટે ડોકટર/સ્વાસ્થ્ય સંભાળ પ્રદાતા સાથે, વિદ્યાર્થી/બાળકને COVID-19 પરીક્ષણની જરૂર છે કે કેમ તે સહિતની વાત કરો.
- જો તમે **પ્રશ્ન 6 નો "હા"** જવાબ આપ્યો છે તો, તેને નકારાત્મક COVID-19 પરીક્ષાનું પરિણામ મળે છે, અથવા તમારા સ્થાનિક જાહેર સ્વાસ્થ્ય એકમ દ્વારા સ્પષ્ટીકરણ કરવામાં આવે, અથવા અન્ય કોઈ બીમારીનું નિદાન કરવામાં આવે તે પછી વિદ્યાર્થી/બાળક શાળા અથવા ચાઈલ્ડ કેર પર પાછા આવી શકે છે.
- વિદ્યાર્થી/બાળકમાં લક્ષણો જોવા મળે અથવા વ્યક્તિગત પરીક્ષણો નકારાત્મક આવે અથવા તમારા જાહેર સ્વાસ્થ્ય એકમ દ્વારા સ્પષ્ટીકરણ ન થાય ત્યાં સુધી અથવા અન્ય બીમારીનું નિદાન થાય ત્યાં સુધી તમારા ભાઈ-બહેન અથવા તમારા ઘરના અન્ય લોકોએ ઘરે રહેવું આવશ્યક છે.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારા શાળા/ચાઈલ્ડ કેર પ્રદાતાનો સંપર્ક કરો.

**જો તમે બધા પ્રશ્નોના "ના" જવાબ આપ્યા છે, તો તમારું બાળક શાળા/ચાઇલ્ડ કેર પર જઇ શકે છે કારણ કે તે સ્વસ્થ લાગે છે અને તેઓ COVID-19 ના સંપર્કમાં આવ્યા નથી. આ પરિણામ (જો લાગુ હોય તો) વિશે કર્મચારીઓને જણાવવા માટે તમારા શાળા/ચાઈલ્ડ કેર પ્રદાતાની સ્થાપિત પ્રક્રિયાને અનુસરો.**

## જાહેર સ્વાસ્થ્ય ઓન્ટેરિયો- સંપર્ક ટ્રેસિંગ

**આ પ્રશ્નોના જવાબો આપવા વૈકલ્પિક છે**. આ માહિતીનો ઉપયોગ ફક્ત જાહેર સ્વાસ્થ્ય અધિકારીઓ દ્વારા સંપર્ક ટ્રેસિંગ માટે કરવામાં આવશે. બધી માહિતી 28 દિવસમાં કાઢી નાખવામાં આવશે.

**તારીખ:** ______________________________

**નામ:** ______________________________

**ફોન અથવા ઈ-મેઈલ:** ______________________________